રાજ્યની માઈનસ સ્વભંડોળ/ઓછું સ્વભંડોળ
ધરાવતી તાલુકા પંચાયતોને સરકારી ખર્ચે
વાહનની સુવિધા પૂરી પાડવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વહન/૧૦૨૦૧૨/૨/જ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ- 27 APR 2012

વંચાણે લીધા

(૧) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃવિક/પંચાયત/યુ.૫/વશી/૧૪૪/૨૦૧૨ તા.૩૧/૧/૨૦૧૨

(૨) બંદરો અને વાહન વ્ય. વિભાગનો ઠરાવ ક:-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘ તા.૨૪/૯/૨૦૦૮

ઠરાવ-

રાજ્યની માઈનસ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી પંચાયતોને વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦/- લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી..

આ દરખાસ્ત અનુસંધાને રાજ્ય સરકારે સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં રાજ્યની માઈનસ સ્વભંડોળ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી પંચાયતોને વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦/- લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરેલ છે. આ હેતુ માટે કરવામાં આવેલ આ જોગવાઈનો ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્યની માઈનસ સ્વભંડોળ/ઓછું સ્વભંડોળ ધરાવતી વાહનની જરૂરિયાતવાળી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી તાલુકા પંચાયતોને ૧૮ કન્ડમ વાહનો સામે ૧૮ નવા વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૦૦.૦૦/- લાખની બજેટ જોગવાઈનો નીચેની શરતોને આધિન રહી ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શ ર તો–

(૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક:આંક-જીટીએસ-૧૦૨૦૦૮-ઓ-૮/ઘની જોગવાઈ અને શરતોને અનુસરીને સને ૨૦૧૨-૧૩ના નાણાંકિય વર્ષ દરમ્યાન મળવાપાત્ર વાહનની ખરીદી કરવાની રહેશે.

પાછળ.....

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્ર:આંક-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘમાં જણાવેલ પ્રકાર સિવાયનું વાહન ખરીદવાનું હોય તો વિભાગે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અભિપ્રાય સહિત કરકસર પ્રભાગ, નાણાં વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્ર:આંક-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘ પ્રમાણે ખરીદેલ વાહન પેટ્રોલ સંચાલિત હોય તો તેને સી.એન.જી.માં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

(૪) વાહનની ખરીદી બજેટ જોગવાઈની મર્યાદામાં કરવાની રહેશે. આ હેતુ માટેની જોગવાઈમાંથી જો બચત રહે, તો નિયત સમયમર્યાદામાં સરન્ડર કરવાની રહેશે. બચતનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં.

(૫) કન્ડમ કરેલ વાહનોની જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

(૬) જે તે માઈનસ સ્વભંડોળ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયત પાસેના હાલના વાહનને કન્ડેમ કરવાના હુકમો, તથા કન્ડેમ કરવાના તાંત્રિક રીપોર્ટને ધ્યાનમાં લઈને તેની સામે નવા વાહનની ખરીદી કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ આવરી લેવામાં આવનાર માઈનસ સ્વભંડોળ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતોને કે જેઓને વાહન આપવાનું છે તેની યાદી દિન-૧૫ માં વિકાસ કમિશ્નરશ્રીએ આ વિભાગને રજુ કરવાની રહેશે.

૨. ઉપર જણાવેલ શરતો પૈકી શરત નં. (૬) અને (૭) ની વિગતો/માહિતી વિકાસ કમિશનરશ્રીએ સંબંધિત તાલુકા પંચાયતો પાસેથી મેળવી સરકારશ્રીની મંજુરી માટે તાત્કાલિક રજુ કરવાની રહેશે. આ માહિતીની ચકાસણી બાદ સંબંધિત તાલુકા પંચાયતને નવા વાહનની ખરીદીની મંજુરી આપવામાં આવશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૭૦, મુખ્ય સદર-૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો, ગૌણ સદર-૧૦૧ પંચાયતી રાજ, પેટા સદર ૦૯ (સીડીપી-૩) ઘટક કક્ષાની સંસ્થાઓને સંગીન બનાવવી સદરે થયેલ રૂ.૧૦૦.૦૦/- લાખની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

૪. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૬/૪/૨૦૧૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. આર. ભગોરા)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સામે પાને.....

૨. માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. માન.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬. નાયબ સચિવશ્રી (સેવા), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

૯. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર

૧૦. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

૧૧. બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૨. શાખા સિલેકટ ફાઇલ

૧૩. ના.સે.અ. સિલેકટ ફાઇલ.